For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


મુન્ના બનજારા


શાહરૂખ બનજારા


મુમતાઝ બનજારા


અજમલ બનજારા


સૈફઅલી બનજારા

# ચકચારી ભાયલી ગેંગરેપ નરાધમોને અંતિમ શ્વાસ સુધી કેદ

**વડોદરામાં પોક્સો કોર્ટે એક સાથે પાંચ આરોપીને સજા ફટકારી હોય તેવો ઐતિહાસિક ચુકાદો**

**કોર્ટ દ્વારા આરોપીઓને દંડ, પીડિતાને રૂ.10 લાખ વળતર ચૂકવવા માટેનો પણ હુકમ કરવામાં આવ્યો**

( પ્રતિનિધિ ) વડોદરા,તા.31

વડોદરાના ભાયલી ખાતે 4 ઓક્ટોબર 2024ના રોજ બનેલી ગેંગરેપની હચમચાવી દેતી ઘટના બની હતી જેના માત્ર ત્રણ દિવસમાં પોલીસે તમામ આરોપીઓને ઝડપી પાડી બનાવના માત્ર 17 દિવસમાં જ 6 હજાર પેજની ચાર્જશીટ રજૂ કરી દીધી હતી. આ ઘટનામાં પોક્સો કોર્ટે સોમવારે પાંચેય આરોપીઓને અંતિમ શ્વાસ સુધી જેલમાં રહેવાની આજીવન કેદની સજા ફટકારી ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટ દ્વારા આરોપીઓને દંડ ફટકારવામા આવ્યો છે અને પીડિત સગીરાને રૂ.10 લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે. વડોદરામાં એકસાથે પાંચ આરોપીઓને અંતિમ શ્વાસ સુધીની કેદની સજા ફટકારાઈ હોવાનો આ પ્રથમ કિસ્સો હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. વર્ષ 2024માં નવરાત્રિના બીજા નોરતાની રાત્રે ભાયલી વિસ્તારમાં આવેલી સુનસામ જગ્યા ઉપર સગીરા પોતાના મિત્ર સાથે બેઠી હતી. બાદમાં બંને એક સ્થળે બેઠા હતા ત્યારે પાંચ શખસો ત્યાં આવ્યા હતા. આરોપીઓએ સગીરા સાથે અડપલાં કરી તેની ઉપર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. ઘટનાએ સમગ્ર વડોદરા સહિત ગુજરાતમાં ભારે ચકચાર જગાવી હતી. સજાનું એલાન કરતી વખતે પોક્સો કોર્ટે નોંધ્યું હતું કે, નવરાત્રિ જેવા તહેવારમાં સગીરા સાથે ગેંગરેપ જેવી જઘન્ય ઘટના આચરવામાં આવે તે અત્યંત ગંભીર બાબત છે અને આવા કૃત્યને સાંખી શકાય નહીં. સોમવારે સજાનું એલાન થવાનું હોવાથી પાંચેય આરોપીઓ ઉપરાંત તેમના વકીલો અને મોટી સંખ્યામાં લોકો કોર્ટમાં હાજર રહ્યા હતા. જજમેન્ટ શરૂ થતાની સાથે જ સમગ્ર કોર્ટ સંકુલમાં સન્નાટો છવાઈ ગયો હતો. કોર્ટરૂમમાં હાજર તમામની નજર જજ દ્વારા આપવામાં આવનારા ચુકાદા પર ટકેલી હતી. જજે આશરે 10 મિનિટ સુધી ચુકાદો સંભળાવ્યો, તે દરમિયાન કોર્ટરૂમમાં શાંતિ જોવા મળી હતી. અંતે બપોરે 1:42 કલાકે જજ કોર્ટરૂમમાં આવ્યા અને 1:53 કલાકે પાંચેય આરોપીઓને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા સંભળાવી હતી. સજા જાહેર થતી વખતે પાંચેય આરોપીઓ જજ સામે ટગર-ટગર જોતા રહ્યા હતા.

### બનાવના 17 દિવસમાં 6 હજાર પાનાંની ચાર્જશીટ, DNAથી CCTV સુધીના પુરાવા રજૂ

સગીરા ગેંગરેપ કેસમાં પોલીસે ઘટનાના માત્ર 17 દિવસમાં પોક્સો કોર્ટમાં આશરે 6,000 પાનાંની ચાર્જશીટ રજૂ કરી હતી. ચાર્જશીટમાં આશરે 100 સાક્ષીઓના નિવેદનો ઉપરાંત FSL અને મેડિકલ રિપોર્ટ, DNA સેમ્પલ તથા CCTV ફૂટેજ જેવા મહત્વના પુરાવાઓ સામેલ કરાયા હતા. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ખાસ સરકારી વકીલોની નિમણૂક કરી હતી. તપાસમાં સગીરાનો મોબાઇલ ફોન પણ મહત્વની કડી બન્યો હતો. એક આરોપીએ ફોન લઈ નદીમાં ફેંકી દીધો હતો. ફોન ન મળ્યો હોવા છતાં પોલીસે અન્ય પુરાવાઓના આધારે તપાસ આગળ ધપાવી હતી.

### મુન્નાને ઝડપ્યા બાદ પાંચેય આરોપીઓ સુધી પોલીસ પહોંચી હતી

ગેંગરેપ કેસમાં ડીસીબી પોલીસે ઘટનાના 48 કલાકમાં આરોપીઓનું ડિટેક્શન કરી ઝડપી કાર્યવાહી કરી હતી. રાત્રે 12 વાગ્યે મુન્નાનું લોકેશન મળતાં પોલીસ તેના ઘરે પહોંચી, પરંતુ માતાએ તે બહારગામ ગયો હોવાનું જણાવ્યું હતુ. ફોન લોકેશન આસપાસ જ હોવાથી તપાસ કરતાં રાત્રે 1 વાગ્યે મુન્નાને ઘરથી ત્રીજા મકાનમાં સૂતેલી હાલતમાં ઝડપી લેવાયો હતો. પૂછપરછ બાદ મુમતાઝ અને શાહરૂખ તથા અન્ય બે આરોપીઓને પણ ઝડપી લેવાયા હતા.

### નારી સન્માનના તહેવારમાં બનેલી ઘટનાને કોર્ટે ગંભીર ગણાવી

**સગીરા પર ગેંગરેપ જેવી જઘન્ય ઘટનાને વડોદરા પોક્સો કોર્ટે ગંભીરતાથી લીધી હતી. કોર્ટે અવલોકન કર્યું કે સમાજના ઘડતરમાં સ્ત્રીની મહત્વપૂર્ણ ભૂમિકા છે અને સગીરા પર આવું કૃત્ય કોઈપણ રીતે સાંખી શકાય નહીં. નવરાત્રિ શક્તિ અને નારી સન્માન અને મા શક્તિનો તહેવાર છે, તે સમયે કિશોરી પર ગેંગરેપ થવો વધુ ગંભીર બાબત છે. બેટી બચાવો અને સેવ ગર્લ જેવા અભિયાનો વચ્ચે આવી ઘટના સમાજ માટે ચિંતાજનક હોવાનું કોર્ટે નોંધ્યું હતુ.**

### બે આરોપીએ છેડછાડ, ત્રણે સામૂહિક દુષ્કર્મ આચર્યું હતુ

સગીરા પર સામૂહિક દુષ્કર્મના ચકચારી કેસમાં પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરાયેલી સાંયોગિક પુરાવાની દરેક કડી નામદાર કોર્ટ સમક્ષ શંકાથી પર સાબિત કરવામાં આવી હતી. કેસની શરૂઆતમાં પાંચ પૈકી બે આરોપીઓએ સગીરા સાથે શારીરિક છેડછાડ કરી હતી. ત્યારબાદ બાકીના ત્રણ આરોપીઓએ સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હોવાનું સરકારી પક્ષે કોર્ટમાં રજૂ કર્યું હતુ. મજબૂત દસ્તાવેજી અને વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે પ્રોસિક્યુશને કેસ સાબિત કરવામાં સફળતા મેળવી હતી.

### 22 મહિનાની કાનૂની લડત બાદ સગીરાને ન્યાય મળ્યો

ભાયલી સગીરા ગેંગરેપ કેસમાં ઘટનાના 22 મહિના બાદ પીડિતાને ન્યાય મળ્યો છે. ખાસ સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું કે ચુકાદો આપતી વખતે કોર્ટે સુપ્રીમ કોર્ટના ઈશાનકુમાર કેસમાં આપવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કર્યું હતું.

---

**PM મોદીના વડોદરા પ્રવાસને લઈ પાલિકા સતર્ક**

# નવનાથ મંદિરોમાં સફાઈ માટે વિશેષ રોડમેપ તૈયાર કરાયો

**નાગરિકોને સહયોગ આપવા** પાલિકાની ખાસ અપીલ



વડોદરાઃ સંસ્કારી અને કલા નગરી તરીકે જાણીતા વડોદરા શહેરમાં આગામી ૮ તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું શુભ આગમન થઈ રહ્યું છે. વડાપ્રધાનના આ પ્રવાસને અનુલક્ષીને સમગ્ર શહેરને સુઘડ અને સ્વચ્છ બનાવવાના હેતુથી વડોદરા મહાનગરપાલિકા કચેરી ખાતે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ બેઠકમાં પાલિકા કમિશનર સહિત તમામ ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શહેરની સ્વચ્છતા વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. બેઠક દરમિયાન અધિકારીઓ દ્વારા નિર્ણય લેવાયો હતો કે સ્વચ્છતા અભિયાન માત્ર શહેરના મુખ્ય માર્ગો કે વિસ્તારો પૂરતું સીમિત નહીં રહે, પરંતુ શહેરના ખૂણે-ખૂણા સુધી સઘન સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવશે. આ માટે અંદરના તમામ વિસ્તારો, સાંકડી ગલીઓ, શહેરના ઐતિહાસિક તળાવો તેમજ વાવની સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. હાલમાં પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો હોવાથી, ભક્તોની આસ્થાને ધ્યાનમાં રાખીને શહેરના પ્રસિદ્ધ નવનાથ મહાદેવ મંદિરોના પરિસર અને કાવડ યાત્રાના નિશ્ચિત રૂટ પર ખાસ સ્વચ્છતા જાળવી રાખવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. શહેરજનોમાં સ્વચ્છતા પ્રત્યે વધુ જાગૃતિ લાવવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સાયકલ રેલી અને પદયાત્રા જેવા વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે, જેના રૂટ અને તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે.

---

**ઉચ્ચ અધિકારીઓએ લીધી સ્થળ મુલાકાત**

# પીએમ મોદીના કાર્યક્રમને લઈ પોલીસ તંત્ર એક્શન મોડમાં

**10,000 લોકો માટે** બેઠક વ્યવસ્થા, સમગ્ર જિલ્લામાં લાઈવ પ્રસારણ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.31

આગામી 8મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાના આંગણે પધારશે. તેમનો મુખ્ય કાર્યક્રમ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પેવેલિયન મેદાન ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમને લઈને વહીવટી તંત્ર અને ભાજપ સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વડોદરા શહેર ભાજપ અધ્યક્ષ, વડોદરા મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓએ કાર્યક્રમ સ્થળ એમ.એસ. યુનિવર્સિટી ખાતે મુલાકાત લીધી હતી. સુરક્ષા વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, સ્ટેજ, પાર્કિંગ અને પ્રવેશ-નિકાસના દ્વારોની બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી હતી. વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એસપીજી અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વખતના કાર્યક્રમ માટે પ્રશાસને એક મહત્વનો નિર્ણય લીધો છે. વડાપ્રધાનના કાર્યક્રમમાં જોડાવા માટે દરેક નાગરિકે અગાઉથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. રજીસ્ટ્રેશન વગર કોઈપણ વ્યક્તિને કાર્યક્રમ સ્થળ પર પ્રવેશ આપવામાં આવશે નહીં. સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટૂંક સમયમાં રજીસ્ટ્રેશન માટેની લિંક અને પ્રક્રિયા જાહેર કરવામાં આવશે. આયોજકો દ્વારા કાર્યક્રમ સ્થળ પર આશરે 10,000 લોકો બેસી શકે તેવી ભવ્ય બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી વધુમાં વધુ લોકો વડાપ્રધાનને સાંભળી શકે. સાથે જેઓ સ્થળ પર ઉપસ્થિત રહી શકશે નહીં, તેમના માટે વડોદરા શહેર અને જિલ્લાના વિવિધ સ્થળોએ મોટા એલઈડી સ્ક્રીન દ્વારા કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વડાપ્રધાનના આગમનને લઈને વડોદરાવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

---

**સમોસાની પ્લેટમાં જીવડાનો વીડિયો વાયરલ**

# સયાજીગંજના પ્રખ્યાત વડાપાવમાં ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે થતાં ચેડાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.31



વડોદરામાં ખાણીપીણીની ગુણવત્તા અને સ્વચ્છતાને લઈને ગ્રાહકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થતા હોવાનો અત્યંત ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. શહેરના મધ્યમાં આવેલા સૌથી વ્યસ્ત વિસ્તાર એવા સયાજીગંજમાં આ ઘટના બનતા ખાણીપીણીના શોખીનોમાં ભારે ચિંતા પ્રસરી છે. તાજેતરમાં ગત.તા.27 ઓગસ્ટના રોજનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો સયાજીગંજ સ્થિત પાયલ કોમ્પ્લેક્ષમાં આવેલા પ્રખ્યાત અને હંમેશા ભીડથી ધમધમતા બોલે તો વડાપાવ આઉટલેટનો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વાયરલ થયેલા વીડિયોમાં ગ્રાહકને પીરસવામાં આવેલી સમોસાની પ્લેટની અંદર નાના-નાના જીવડા ફરતા સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. આ દ્રશ્ય જોતા જ કોઈપણ ગ્રાહકનું સ્વાસ્થ્ય બગડે તે સ્વાભાવિક છે. આ વીડિયો સામે આવતા જ વડોદરાના ફૂડીઝ ગ્રુપ અને સોશિયલ મીડિયા પર ભારે રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અનેક જાણીતા ફૂડ સ્ટોલ અને રેસ્ટોરન્ટ્સમાં ગંદકી, વાસી ખોરાક અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગના કિસ્સાઓ સામે આવી રહ્યા છે.


---

**લસ્સી સેન્ટર બંધ કરાવાયું, 3 દિવસમાં ડોક્યુમેન્ટ્સ નહીં મળે તો સીલ વાગશે**

# દિવાળીપુરામાં VMCનું સરપ્રાઈઝ ચેકિંગ, અખાદ્ય જથ્થો અને પ્લાસ્ટિક જપ્ત કરી રૂ. ૧૦ હજારનો દંડ

**વોટર ટેસ્ટિંગ અને મેડિકલ** ફિટનેસ સર્ટિફિકેટ રજૂ કરવા સંચાલકોને અલ્ટીમેટમ, માર્જિન-પાર્કિંગ મુદ્દે પણ કડક તપાસ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.31



વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર અરુણ મહેશ બાબુની સૂચના અને પશ્ચિમ ઝોન આસિસ્ટન્ટ કમિશ્નર બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ શહેરભરમાં 'વન ડે વન રોડ' ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે વોર્ડ નંબર 11 ની ટીમ અને આરોગ્ય શાખા દ્વારા દિવાળીપુરા કોર્ટ સામે આવેલા નિસર્ગ કોમ્પ્લેક્સ તથા આસપાસના વિસ્તારમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન નિસર્ગ કોમ્પ્લેક્સ ખાતે આવેલી બાલાજી રેસ્ટોરન્ટ/હોટલમાંથી અયોગ્ય તેમજ ટેગિંગ વગરનો જૂનો ખાદ્ય સામગ્રીનો જથ્થો અને પ્રતિબંધિત સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો જથ્થો મળી આવ્યો હતો. પાલિકાની આરોગ્ય ટીમ દ્વારા અસ્વચ્છ અને અયોગ્ય ખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો અને સુચિત આશરે ૧૦ કિલો જેટલું સિંગલ-યુઝ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. નિયમોના ઉલ્લંઘન બદલ સંચાલકોને રૂ. ૧૦,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત પાલિકાની ટીમે રેસ્ટોરન્ટ સંચાલકોને વોટર ટેસ્ટિંગ રિપોર્ટ અને કર્મચારીઓના મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ રજૂ કરવા માટે ત્રણ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. જો આગામી ત્રણ દિવસમાં આ તમામ જરૂરી દસ્તાવેજો પાલિકા સમક્ષ રજૂ કરવામાં નહીં આવે તો રેસ્ટોરન્ટને કાયદેસર રીતે સીલ કરી બંધ કરવાની કડક ચેતવણી પણ આપવામાં આવી છે. આ ઝુંબેશ દરમિયાન ટીડીઓ, ટીપી અને આરોગ્ય વિભાગ સહિતની સંયુક્ત ટીમોએ વિવાદસ્પદ માર્જિન અને પાર્કિંગ જગ્યા અંગે પણ તપાસ ચલાવી હતી. અગાઉ અપાયેલી નોટિસ બાદ યોગ્ય ખુલાસો ન મળતા આગળની કાયદેસરની દસ્તાવેજી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. નિસર્ગ રેસ્ટોરન્ટ ઉપરાંત દિવાળીપુરા કોર્ટ વિસ્તારની આસપાસ આવેલી તમામ ખાણીપીણીની દુકાનો, લારીઓ તથા કોલ્ડડ્રિંક્સના સેન્ટરોમાં પણ ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. એક્સપાયરી ડેટ, લાયસન્સ અને સ્વચ્છતાની કડક ચકાસણી દરમિયાન અનિયમિતતા જણાતાં જલારામ લસ્સી જેવા એકમ સામે બંધ કરાવવા સુધીની કાર્યવાહી પણ કરવામાં આવી છે. નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારનું બાંધછોડ નહીં કરવાની સ્પષ્ટ નીતિ સાથે મહાનગરપાલિકાનું કડક વલણ આગામી દિવસોમાં પણ યથાવત રહેશે.

---

**નિઝામપુરાની ડીએન કન્સલ્ટન્ટન્સી બંધ : ત્રિપૂટી ફરાર**

# વિદેશમાં નોકરીના બહાને ૫૭ લોકોને રૂ.૪૬.૯૭ લાખનો ચૂનો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.31

દાંડિયા બજાર વિસ્તારમાં હાથીપોળમાં રહેતા અને મકરપુરા GIDCની મલ્ટીકટ કંપનીમાં મશીનિસ્ટ તરીકે નોકરી કરતા બાલકૃષ્ણ પંચાલને વિદેશમાં કામ કરવા જવાનું હોવાથી નિઝામપુરા વિસ્તારમાં આવેલી ડીએન કન્સલ્ટન્ટન્સીનો સંપર્ક કર્યો હતો. કન્સલ્ટન્સીમાં મળેલા પ્રતાપસિંગે કેન્યાના નૈરોબીમાં આવેલી ઈનેશા એન્જિનિયરિગમાં નોકરીની જગ્યા હોવાનું જણાવી વિદેશ જવાની પ્રોસેસ માટે રૂ.55 હજાર ફી લેવાની વાત કરી હતી. 15 નવેમ્બર 2025ના રોજ કંપનીના નામે એપોઈન્ટમેન્ટ લેટર આપ્યા બાદ અલગ-અલગ તારીખે ઓનલાઈન મારફતે રૂ.55 હજાર ચૂકવ્યા હતા. ત્યારબાદ વિઝા પણ આપવામાં આવ્યો હતો. જોકે, ફ્લાઈટ રદ થયા બાદ વિઝા રિશેડ્યુલ કરવા માટે કન્સલ્ટન્સીનો સંપર્ક કરતાં ફોન બંધ આવતો હતો. ઓફિસે જઈ તપાસ કરતાં છેલ્લા કેટલાક દિવસોથી ઓફિસ બંધ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર અને ગુજરાતના અન્ય લોકો પણ હાજર હોવાનું અને તેમની પાસેથી પણ વિદેશ મોકલવાના બહાને નાણાં લેવામાં આવ્યા હોવાનુ જાણવા મળ્યું હતું. ડી એન કન્સલ્ટન્ટન્સીની ઓફિસ ભાડે લેનાર ગુડ્ડુકુમાર લલનપ્રસાદ તથા પ્રતાપસિંગ, જશબીરસિંગ અને તેમની ટીમ સામે અલગ-અલગ દેશોમાં નોકરી અપાવવાના બહાને 57 લોકો પાસેથી રૂ.46.97 લાખ મેળવ્યા બાદ વિદેશ ન મોકલી છેતરપિંડી કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમની ફરિયાદના આધારે પોલીસે ઠગ ત્રિપુટીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

---

**મુન્દ્રા રૂટ પર ૯૦% બુકિંગ, સપ્ટેમ્બર સુધી હાઉસફૂલ**

# ઓક્ટોબરથી વડોદરા એરપોર્ટથી હવે દીવ માટે એર ટેક્સી દોડશે

૪ કલાકમાં રણોત્સવની સફર થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

વડોદરા એરપોર્ટ પરથી ગત શુક્રવારથી શરૂ થયેલી મુન્દ્રા સુધીની એર ટેક્સી સેવાને જબરદસ્ત પ્રતિસાદ મળતા હવે તંત્ર દ્વારા વધુ બે શહેરો માટે આયોજન કરવામાં આવ્યું છે. ઓક્ટોબર મહિનાથી વડોદરાથી દીવ માટે એર ટેક્સી સેવા શરૂ કરવામાં આવશે. ઉડાન સ્કીમ હેઠળ વિમાની ઓપરેટર કંપનીને આ સેવા માટે મંજૂરી આપવામાં આવી છે. વડોદરાથી આ શહેરો માટે 8 સીટર વિમાનોને મંજૂરી આપવામાં આવી છે. આગામી સમયમાં દીવ ઉપરાંત પોરબંદર માટે પણ એર ટેક્સીનું આયોજન છે, જેની યોજના છેલ્લા એક વર્ષથી આકાર લઈ રહી હતી. આ સેવા ઉડાન સ્કીમ અંતર્ગત છે, જેનું સૂત્ર ઉડે દેશ કા આમ નાગરિક છે. આ સ્કીમ હેઠળ વાયેબિલિટી ગેપ ફંડિંગનો 80 ટકા ખર્ચ કેન્દ્ર સરકાર અને 20 ટકા સંબંધિત રાજ્ય સરકાર સંયુક્ત રીતે વહેંચે છે. આ ફંડિંગ ઓપરેટરને સામાન્ય રીતે ત્રણ વર્ષ માટે આપવામાં આવે છે, જેથી રૂટ સ્થિર રહે. વડોદરાથી મુન્દ્રા માટે સોમવારથી રવિવાર દરમિયાન સવારે 6.30, 6.55 અને 7.20 કલાકે ફ્લાઈટ ઉપડશે. જ્યારે મુન્દ્રાથી વડોદરા સોમવારથી ગુરુવાર દરમિયાન સાંજે 6.32, 7.22 વાગ્યે અને શુક્રવાર-શનિવારે સાંજે 6.21 અને 7.11 કલાકે આવશે. રવિવારે સવારે 11.36 થી સાંજે 6.26 દરમિયાન વિશેષ ફ્લાઈટ્સ ઉપલબ્ધ રહેશે. મુન્દ્રાનું બેઝ ભાડું રૂ.799 રાખવામાં આવ્યું છે, જેમાં રૂ.143 જીએસટી મળીને કુલ ટિકિટ રૂ.942 થાય છે. ખાસ કરીને આ ફ્લાઈટ શરૂ થતા વડોદરાથી કચ્છના રણોત્સવમાં માત્ર 4 કલાકમાં પહોંચી શકાશે. વડોદરાથી મુન્દ્રા 50 મિનિટ અને ત્યાંથી ધોરડો ટેક્સીમાં 3 કલાકમાં પહોંચી શકાય છે. આ અંગે વડોદરા એરપોર્ટના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, પેસેન્જર તરફથી રિસ્પોન્સ ખૂબ સરસ મળી રહ્યો છે. હાલમાં 90 ટકા જેટલું બુકિંગ ચાલી રહ્યું છે, એટલે આગામી સપ્ટેમ્બર સુધી બુકિંગ હાઉસફૂલ કહી શકાય. આગામી ઓક્ટોબરમાંથી દીવ એર ટેક્સી સેવા શરૂ કરવાનું આયોજન છે.

---

**સવારે ૭.૪૦એ વડોદરાથી ઉપડશે**

# સુરત-ઉદયપુર વંદે ભારતનું વડોદરા સ્ટેશન પર સ્ટોપેજ

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

પશ્ચિમ રેલવેએ સુરત-ઉદયપુર સિટી વચ્ચે નવી વંદે ભારત એક્સપ્રેસ (26903/26904) શરૂ કરવાની જાહેરાત કરી છે, જેમાં વડોદરા જંક્શનને મહત્વનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે. આ સાથે અમદાવાદના અસરવાથી ઉપડતી ઉદયપુર વંદે ભારત (26963/64) કાયમી બંધ કરાશે. રેલવે બોર્ડે બહાર પાડેલા આદેશમાં વડોદરાને આ રૂટનું મુખ્ય વોટરિંગ સ્ટેશન પણ બનાવ્યું છે. વડોદરાથી ઉદયપુર જવા માટે હવે સીધી સેમી-હાઈસ્પીડ કનેક્ટિવિટી મળશે. આ ટ્રેન સુરતથી સવારે 06:10 એ ઉપડી સવારે 07:40 વાગ્યે વડોદરા આવશે અને માત્ર 2 મિનિટના હોલ્ટ બાદ 07:45 એ ઉદયપુર તરફ રવાના થશે. બપોરે 13:40 એ ઉદયપુર પહોંચાડશે. એટલે કે વડોદરાથી ઉદયપુર માત્ર 6 કલાકમાં. પરત ફરતી વખતે ટ્રેન નં. 26904 ઉદયપુરથી 15:35 એ ઉપડી રાત્રે 21:22 વાગ્યે વડોદરા આવશે અને 21:27 એ સુરત તરફ જશે. સુરત 23:00 વાગ્યે પહોંચશે. આ ટ્રેનનો રૂટ ભરૂચ, વડોદરા, આણંદ, મણિનગર, અસરવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને ઝાવર રહેશે. 8 કોચની આ ટ્રેન અઠવાડિયામાં 6 દિવસ દોડશે, મંગળવારે બંધ રહેશે. રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર, અસરવાથી ચાલતી ટ્રેનમાં ઓક્યુપન્સી ઓછી રહેતી હતી, જ્યારે સુરત-વડોદરા પટ્ટામાંથી ઉદયપુર તરફ જતા પ્રવાસીઓ અને બિઝનેસ ટ્રાવેલર્સની સંખ્યા વધુ છે. આથી આ નિર્ણયથી વડોદરાના મુસાફરોને સીધો લાભ મળશે. બુકિંગ ટૂંક સમયમાં શરૂ થશે.

---

**દૂષિત પાણીથી વડોદરાવાસીઓ પરેશાન**

# વાડી-બરાનપુરા વિસ્તારમાં રહીશોએ મહાનગરપાલિકા સામે મોરચો માંડ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.31



વડોદરામાં દૂષિત પાણી પુરવઠાની ગંભીર સમસ્યાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે અસંતોષ અને રોષની લાગણી વ્યાપી ગઈ છે. શહેરના વાડી મોગલવાડા તેમજ બરાનપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ઘરોમાં દુર્ગંધયુક્ત અને ગંદુ પાણી આવવાની સતત ફરિયાદો ઊઠી રહી છે. તંત્ર દ્વારા વારંવારની રજૂઆતો છતાં કોઈ યોગ્ય ઉકેલ ન આવતા આખરે પરેશાન સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકાના વહીવટી તંત્ર સામે આક્રમક વિરોધ પ્રદર્શન કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. વાડી મોગલવાડા અને બરાનપુરા વિસ્તારના રહીશોએ પાણીની પોકાર સાથે રસ્તા પર ઉતરીને પાલિકા તંત્ર સામે મોરચો માંડ્યો હતો. દૂષિત પાણીથી આક્રોશિત થયેલા સ્થાનિકોએ વિરોધ દર્શાવવા માટે રસ્તા પર જ માટલા ફોડીને સૂત્રોચ્ચાર કર્યા હતા અને મહાનગરપાલિકાના અણઘડ વહીવટ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. સ્થાનિકોનું કહેવું છે કે તેઓ દર વર્ષે નિયમિતપણે પાલિકાનો પાણી વેરો ભરે છે, છતાં તેમને બદલામાં પીવાલાયક શુદ્ધ પાણી મેળવવા માટે વલખાં મારવા પડી રહ્યા છે. વેરો ચૂકવવા છતાં પૂરતું અને સ્વચ્છ પાણી ન મળતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ઘરોમાં આવી રહેલું ગંદુ અને દૂષિત પાણી પીવાલાયક ન હોવાથી સમગ્ર વિસ્તારમાં આરોગ્ય વિષયક ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. સ્થાનિક રહીશોમાં ભય સેવાઈ રહ્યો છે કે આ પ્રકારના પ્રદૂષિત પાણીના વપરાશથી ચોમાસા કે અન્ય ઋતુઓમાં ઝાડા-ઉલટી, કમળો અને ટાઈફોઈડ જેવા પાણી જન્ય રોગો ઝડપથી ફેલાઈ શકે છે. ખાસ કરીને નાના બાળકો અને વયોવૃદ્ધોના સ્વાસ્થ્યને લઈને પરિવારો અત્યંત ચિંતિત બન્યા છે. રહીશોએ પાલિકાના હાઈડ્રોલિક વિભાગને પાણીની મુખ્ય લાઈન અને ડ્રેનેજ લાઈનોની તાત્કાલિક તપાસ કરવા અપીલ કરી છે.